## સંસ્કાર સૌરભ

### હદીસ બોધ

એ આદત ઘણી સારી છે કે ગરીબોને ખવડાવવું અને ઓળખાણ હોય કે ન હોય સૌને સલામ કરવી.

-હદીસ બોધ

### બોધ વચન

જ્યારે ઈચ્છા દૃઢતા ધારણ કરે છે ત્યારે તે પ્રભાવશાળી બને છે.

-ઓરિસન સ્વેટ માર્ડન

### આજની આરસી

૯ જુલાઈ ગુરૂવાર ૨૦૨૦
૧૭ ઝિલકદ હિજરી ૧૪૪૧
અષાઢ વદ ચોથ સંવત ૨૦૭૬

| | |
|---|---|
| સુબ્હ સાદિક | ૪-૩૪ |
| ખત્મે ઝવાલ | ૧૨-૪૫ |
| તુલૂએ આફતાબ (સૂર્યોદય) | ૬-૦૦ |
| ગુરૂબે આફતાબ (સૂર્યાસ્ત) | ૭-૨૯ |

### ગુસ્સુરિયું

સંતા : (બંતાથી) : કોઈ માનવીમાં જો કોઈ કમી ના હોય તો શું આપણે તેને કમીના બોલાવી શકીએ છે ???

### અગત્યની સૂચના

આ અખબારમાં જરૂરિયાતને અનુલક્ષીને ધાર્મિક શબ્દોનો ઉલ્લેખ, ફોટો કેટલીકવાર છાપવા પડે છે, જે વાચકમિત્રોના ધ્યાને આવે તો તેની તેમણે ખાસ હિફાઝત કરવી.

-વ્યવસ્થાપક

## કોડીનારના ટ્રક ડ્રાઈવરને માર મારી લૂંટ ચલાવી

જૂનાગઢ, તા.૮

કોડીનારના નીઝામભાઈ ઈશુભભાઈ બ્લોચ (ઉ.વ.૨૯)એ પોલીસમાં ફરિયાદ નોંધાવી છે કે માણિયા હાટીના તાલુકાના ગળોદર ભંડુરી ગામ વચ્ચે નેશનલ હાઈવે ઉપર બનેલા બનાવમાં ફરિયાદીને ટ્રક આડે જામકંડોરણા ગામના સંજય રાઠોડ, અનીલ રાઠોડ, દિનેશ રાઠોડ વગેરેએ મોટર સાયકલ ઊભું રાખી ટ્રક રોકાવી ફરિયાદી તથા સાહેદને ઢીકાપાટુનો માર મારી તેમજ ફરિયાદીના ટ્રકની ચાવી તથા મોબાઈલ સાથે રૂા.૧૦૦૦ની લૂંટ કરી તથા સિમેન્ટની ટપાલ ફાડી નાખી રૂા.૪૦૦૦ ભરેલ પાકીટ ઝપાઝપી દરમ્યાન પડી ગયાની ફરિયાદ પોલીસમાં નોંધાવતા આ બનાવ અંગે આરોપી વિરૂદ્ધ ગુનો દાખલ કરવામાં આવેલ છે જેની વધુ તપાસ માણિયા હાટીના પોલીસ સ્ટેશનના પીએસઆઈ એચ.વી. રાઠોડ ચલાવી રહ્યા છે.

## ભાવનગરના ગ્રામીણ વિસ્તારોની જિલ્લા લાયઝન અધિકારીએ મુલાકાત લીધી

ભાવનગર, તા.૮

કોવિડ-૧૯ અંતર્ગત ગુજરાત રાજ્ય સરકાર ગાંધીનગર દ્વારા નિયુક્ત થયેલા ભાવનગર જિલ્લાના લાયઝન ઓફિસર અને નર્મદા વિભાગના સચિવ સોનલ મિશ્રાએ કોવિડ-૧૯ની કામગીરીની સમીક્ષા માટે ગ્રામ્ય વિસ્તારની રૂબરૂ મુલાકાત સંદર્ભે ભાવનગર તાલુકાના ફરિયાદકા પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર અને આયુષ મંત્રાલય દ્વારા કાર્યરત ધન્વંતરી રથની મુલાકાતથ અવાણિયા ગામ આતે લીધી હતી. જિલ્લાના વરિષ્ઠ અધિકારીઓ અને આરોગ્ય કર્મચારીઓને જિલ્લાની કોવિડ-૧૯ કામગીરીથી સંતોષ વ્યક્ત કરેલ.

## ધોળકામાં કૌકાની સીમમાં જુગારધામ ઉપર ગ્રામ્ય એલસીબીનો દરોડો

ધોળકા, તા.૮

અમદાવાદ (ગ્રામ્ય) એલસીબી પોલીસે ધોળકા તાલુકાના કૌકા ગામની સીમમાં અલીઅસગર બાબુભાઈ પરમારના ખેતરમાં રેડ પાડી અલીઅસગર બાબુભાઈ પરમાર સહિત આઠ આરોપીઓને જુગાર રમતા રોકડ રકમ રૂા.૮૪૭૦૦ સાથે રંગે હાથ ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. આ કામગીરીમાં એલસીબીના પીઆઈ ડી.એન.પટેલ, હેડ કોન્સ્ટેબલ દિલીપસિંહ પરમાર, પો.કો.વિપુલભાઈ પટેલ, અજયભાઈ ભરવાડ, ભરતસિંહ ગોળ વગેરે જોડાયા હતા.

# માંડવી, નખત્રાણા અને મુન્દ્રામાં મેઘમહેર : ભૂજપંથક વંચિત

(સંવાદદાતા દ્વારા)

ભૂજ, તા.૮

કચ્છમાં છેલ્લા ૨૪ કલાક દરમ્યાન વરસાદે મહેર કરતા કચ્છભરમાં અને વિદેશ રહેતા કચ્છીઓમાં પણ ખુશીની લહેર ફરી વળી છે. જો કે હજુ ભૂજ તાલુકામાં ડેમ-તળાવ કે નદીમાં વરસાદી પાણી આવ્યા નથી. આ વર્ષે મેઘરાજાએ માંડવી-નખત્રાણા-મુન્દ્રા પંથકને તરબોળ કરી દીધો છે. મુન્દ્રા પંથકમાં સૌથી વધુ ૯.૫ ઈંચ વરસાદ નોંધાયો છે.

ભૂજ પંથક હજુ પણ જરૂરી વરસાદથી વંચિત છે. ભૂજના હમીરસર તળાવમાં હજુ નામ માત્ર પાણીની આવક થઈ છે. ભૂજ નજીકના રૂદ્રાણી ડેમમાં પણ પાણી હજી આવ્યું નથી. જેથી ભૂજ પંથકને હજી જરૂરી વરસાદની રાહ જોવી પડી રહી છે. ભૂજ હવમાના કચેરીના રાકેશકુમારની માહિતી અનુસાર લોપ્રેશર હજી સક્રિય હોવાથી કચ્છમાં હજી આગામી ૨૪ કલાક દરમ્યાન મધ્યમથી ભારે વરસાદની શકયતા છે.

# મોપેડનો ખુડદો બોલાવી ટ્રક દુકાનમાં ઘૂસી ગયો

(તસવીર : સોયેબ ખત્રી, બોડેલી)

બોડેલી અલીપુરાચાર રસ્તા પર વિચિત્ર અકસ્માત સર્જાયો હતો. એક રેતી ભરેલી ટ્રક પાછળ બીજી રેતી ભરેલી ટ્રક ધડાકાભેર અથડાઈ હતી અને પાછળની ટ્રકમાં ચાલક ફસાઈ જતા મહા મુસીબતે ચાલક બહાર કાઢવામાં આવ્યો હતો. રોડ પર ટ્રાફિક જામ થતા અકસ્માત થયેલ ટ્રકને જે.સી.બી મશીનથી સાઈડ પર હટાવવા જતા ટ્રક અચાનક ચાલુ થઈ સામે આવેલ બંધ દુકાનમાં ઘૂસી ગઈ હતી. બાજુમાં ઘૂસી ગઈ હતી અને રોડ બાજુમાં ઊભેલી મોપેડ પર ટ્રક ફરી વળતા મોપેડનો કચ્ચરઘાણ થઈ ગયો હતો. સદનસીબે કોઈ જાનહાનિ થઈ ન હતી.

## જૂનાગઢનું નરસિંહ મહેતા સરોવર ઓવરફલો

જૂનાગઢ શહેરની મધ્યમાં આવેલ નરસિંહ મહેતા સરોવર ભારે વરસાદને કારણે નવા નીરની આવક થતા આ સરોવર છલકાઈ ગયું હતું. આ સરોવર ઓવરફલો થતા નયનરમ્ય દૃશ્ય સર્જાયું હતું. (તસવીર : એસ.આઈ. બુખારી, જૂનાગઢ)

# હળવદનો બ્રાહ્મણી-૨ ડેમ ઓવરફલો થવાની અણીએ : ૯ ગામોને એલર્ટ કરાયા

હળવદ, તા.૮

હળવદ તાલુકામાં પાછલા બે દિવસથી હળવાથી ભારે વરસાદ વરસી રહ્યો છે ત્યારે સુંદરગઢ પાસે આવેલ બ્રાહ્મણી- બે ડેમ મા વરસાદી પાણીના નવા નીર આવ્યા હતા. જોકે આ ડેમમાં નર્મદાનું પાણી પણ આવતું હોય. હાલ ડેમ ૯૦ ટકા ભરાઈ ગયો છે જોકે હવે વરસાદ આવશે તો ડેમના દરવાજા ખોલવામાં આવનાર હોય જેને કારણે નીચાણવાળા વિસ્તાર ના નવ ગામોને એલર્ટ કરાયા છે હળવદ પંથકમાં વરસેલા વરસાદને કારણે નદી નાળામાં નવા નીર આવ્યા છે જેને કારણે સુંદરગઢ પાસે આવેલ બ્રાહ્મણી-બે ડેમમાં પણ બે ફૂટથી વધુ પાણીની આવક નોંધાઇ છે જોકે આ બ્રાહ્મણી-બે ડેમમાં નર્મદાનું પાણી પણ ઠલવાતું હોય જેને કારણે આ ડેમની જળાશયની ભરપૂર સપાટી ૪૪.૫ મીટર છે જ્યારે હાલ ડેમની જળ સપાટી ૪૨.૬૫ મીટરે પહોંચી છે એટલે આ ડેમ ૯૦ ટકા ભરાઈ ગયો છે જેને કારણે જો હવે વરસાદ વરસે તો ડેમના દરવાજા ખોલવામાં આવનાર હોવાનું અધિકારી કે.જી લીંબડીયા દ્વારા જણાવાયુ છે જેથી ડેમના નીચેના ભાગમાં આવતા સુસવાવ, ટીકર, મીયાણી, મયુરનગર, માનગઢ, કેદારીયા, ચાડધ્રા, માનગઢ, અજીતગઢ સહિતના નવ ગામના લોકોને નદીના પટમાં અવર જવર નહીં કરવા અને સાવચેત રહેવા સૂચનાઓ આપવામાં આવી છે.

# મોરબી જિલ્લામાં કોરોનાથી ચોથું મોત

મોરબી, તા.૮

મોરબી જિલ્લામાં કોરોના વાયરસનું સંક્રમણ સતત વધી છે. તેથી, કોરોના પોઝિટિવ દર્દીઓની સંખ્યા વધતી જાય છે. તેવી પરિસ્થિતિ વચ્ચે નહેરૂગેટ વિસ્તારના કોરોનાગ્રસ્ત આધેડનું રાજકોટ ખાતે મોત નીપજ્યું છે. મોરબી જિલ્લામાં કોરોનાના કારણે થયેલું ચોથું મોત છે. આ અંગે આરોગ્ય વિભાગ પાસેથી મળતી માહિતી મુજબ મોરબી શહેરના નહેરૂગેટ વિસ્તારમાં આવેલી સરવર્ષીય ગિયા શેરીમાં રહેતા ૪૮ વર્ષીય રમણિકભાઈ પિત્રોડાનું રાજકોટ સિવિલ હોસ્પિટલ ખાતે સારવાર દરમિયાન મૃત્યુ થયું છે. તેઓનો ગત તા. ૨૬ જૂનના રોજ કોરોના રિપોર્ટ પોઝિટિવ જાહેર થયેલ હતો. તેમજ તેઓ લાંબા સમયથી ડાયાબિટીસની બીમારીથી પીડિત હતા. આ સાથે મોરબી જિલ્લામાં કોરોનાના દર્દીઓના મોતનો આંક ૪એ પહોંચ્યો છે. મોરબી જિલ્લામાં કોરોનાના કેસ અને મૃત્યુઆંક વધી રહ્યો છે. ત્યારે મોરબીવાસીઓએ કોરોનાથી રક્ષણ મેળવવા સાવચેતી રાખવી આવશ્યક બને છે.

## ભૂજના હમીરસર તળાવમાં નવાનીરનું આગમન

ભૂજ, તા.૮

ઐતિહાસિક હમીપુર તળાવમાં ઉપરવાસમાં વરસાદ પતા નવા પાણીની આવતું આગમન થતા શહેરીજનોમાં હર્ષની લાગણી ફેલાઈ છે. નવું પાણી આવવાને લીધે જૂના પાણીનો કાળો રંગ બદલીને માટીવાળો લાલ થઈ ગયો છે. તે સાથે તળાવમાં માછલાનું પણ આગમન થયું છે. જોકે કેટલાક માછલા છીછરા પાણીમાં ફસાઈને મૃત્યુ પામ્યા હતા. જ્યારે બાકીનાને જીવદયા પ્રેમીઓએ બચાવીને તળાવમાં છોડ્યા હતા.

# હજયાત્રા માટે પસંદગી પામેલા યાત્રીઓનો ૨૦૨૧માં ડ્રો વગર સમાવેશ કરવા માંગ

(સંવાદદાતા દ્વારા)

આણંદ, તા. ૮

હજ ૨૦૨૦ વૈશ્વિક મહામારી કોવિડ-૧૯ના કારણે સમગ્ર વિશ્વના હજયાત્રીઓ માટે પ્રતિબંધ લગાવવામાં આવેલ છે અને સાઉદી અરેબીયામાં રહેતા તમામ દેશોના ૧૩૦૦ જેટલા હજયાત્રીઓ જ આ વર્ષે હજ કરી શકશે. જેને લઈ વર્ષ ૨૦૨૦માં હજયાત્રા માટે હજ કમિટી દ્વારા યોજાયેલા ડ્રોમાં પસંદગી પામેલા હજયાત્રીઓ હજ પઢવા જઈ શકશે નહી. જેને લઈને હજ કમિટી દ્વારા તમામ હજયાત્રીઓએ હજયાત્રા માટે ભરેલા નાણાં પરત આપવાની જાહેરાત કરી છે. ત્યારે પસંદગી પામેલા આણંદ જિલ્લાના હજયાત્રીઓ દ્વારા હજ કમિટી દ્વારા હજયાત્રીઓને નાણાં પરત આપવાના બદલે તેઓને વર્ષ ૨૦૨૧ની હજયાત્રામાં ડ્રો વગર સીધેસીધા પસંદગી કરવામાં આવે તે માટે હજ કમિટીને પત્ર લખી માંગ કરી છે. હજના અરજદારોએ પોતાની જિંદગીની ખરી કમાણી હજ માટે એકત્રિત કરે છે તે વેડફાય ન જાય, અરજદારોની લાગણીઓ ન દુભાય તે જરૂરી છે. વ્યક્તિની તંદુરસ્તી / જિંદગીનો કોઈ ભરોસો નથી તથા હજયાત્રા જીવનમાં એક જ વાર ફરજ છે. અરજદારો ઘણા વર્ષોથી હજયાત્રા માટે અરજી કરતા હોય છે. જયારે એમની અરજી પાસ થાય છે. ત્યારે એમના જીવનમાં લાગણીની અને ખુશીની લહેરો પ્રસરી જાય છે. તેમના જીવનમાં એક ખુશીનો અનેરો આનંદ, ઉમંગ અને ચમક જોવા મળે છે. તે સમયે અલ્લાહનો શુક્ર અદા કરે છે. લોકો તેમને હજયાત્રાની શુભકામનાઓ આપે છે અને દુઆ માટે કહે છે. હવે આપણે વિચારીએ કે જયારે હજયાત્રામાં જવાનું અચાનક બંધ રહે તો એ અરજદાર વ્યક્તિ પર શું વીતતી હશે તે તો તે અરજદાર વ્યક્તિ જ વ્યક્ત કરી શકે. આ કારણોસર લાગણીઓને માન આપી હજ - ૨૦૨૧માં પસંદગી પામેલા તમામ હજયાત્રીઓને રીપીટ કરવામાં આવે તેવી માંગ પ્રસરી રહી છે.

### પુલના ખાડાનું વહેલી તકે સમારકામ કરાવવાની માંગ

# મોરબી બાયપાસના ખરાબ પુલના કારણે ટ્રાફિકજામની સમસ્યા કાયમી બની

(તસવીર : મહેબુબ પીલુડિયા, મોરબી)

મોરબી, તા.૮

મોરબી બાયપાસ પરના ખરાબ પુલને કારણે ટ્રાફિકજમની સમસ્યા કાયમી બની છે. દરરોજ ટ્રાફિકજામ સર્જાય છે. પરિણામે વાહનચાલકો ખાસ્સો સમય ટ્રાફિકજામમાં અટવાય છે. મોરબી બાયપાસ ઉપર આરટીઓ કચેરી અને ઉંદરડી માતાજીના મંદિર નજીક આવેલો પુલ ખાડાઓને કારણે અત્યંત ખરાબ બની ગયો છે. આ બાયપાસ પરના પુલમાં ઠેરઠેર ખાડા પડી ગયા છે. તેમાંય હાલ વરસાદની સિઝન હોય પાણી ભરેલા હોવાથી પુલ પરના ખાડા જોખમી બની ગયા છે. ખાડા ખબડાઓ જો તરવવામાં વાહન ચાલક અજાણતા કોઈ ગફલત કરો બેસો તો તેમના પરિસ્થિતિ જોખમી બની છે. આથી, વાહનચાલકો ખાડાથી બચીને ચાલતા હોય વાહન ધીમી ગતિએ ચાલતા હોવાથી ટ્રાફિકજામ સર્જાય છે. આ પુલ પર ખાડાઓને કારણે ટ્રાફિકજમની સમસ્યા કાયમી બની ગઈ છે. તેથી, વાહનચાલકો મુશ્કેલીમાં મુકાય છે. આજે સવારે પણ પુલ પર ટ્રાફિકજામ સર્જાયો હતો. ટ્રાફિકજામ થવાથી વાહનોની લાંબી લાઈનો લાગી હતી. જેથી, વાહનચાલકો હેરાન પરેશાન થઈ ગયા હતા. જોકે દરરોજ સવારે ટ્રાફિકજમની સમસ્યા થતી હોવાથી તંત્ર વહેલી તકે આ સમસ્યાનું યોગ્ય નિરાકરણ કરે તેવી માંગ ઊઠી છે.

## જૂનાગઢમાં મહિલા પીએસઆઈ ઉપર કાર ચડાવી જાનથી મારી નાખવાની કોશિશ

જૂનાગઢ, તા.૮

એ-ડિવિઝન પોલીસ સ્ટેશનના મહિલા પીએસઆઈ વી.કે. ઉંજિયા અને સ્ટાફ પેટ્રોલિંગમાં હતા તે દરમ્યાન જૂનાગઢના ગાંધીગ્રામ વિસ્તારમાં રહેતો સંદીપ ઉર્ફે સંજય કરમણભાઈ મકવાણા પોતાના હવાલાની ફોર વ્હીલ કાર એસ્ટીમ જીજે-૧-એચ.જે.૪૬૪૨ વાળી લઈને નીકળતા તેને અટકાવવા ઈશારો કરતા કાર ચાલક રોકાયેલ નહીં જેથી પીએસઆઈ વી.કે. ઉંજીયાએ પોતાની મોટર સાયકલ આડી રાખી રોકવા ઈશારો કરતા સંદિપ ઉર્ફે સંજય મકવાણાએ પોતાની ફોર વ્હીલ કાર ફરિયાદીને મારી નાખવાના ઈરાદે તેના ઉપર ચડાવી દેવાની કોશિશ કરી અને તેના મોટરસાયકલને ફંગોળી દેતા પીએસઆઈ વી.કે. ઉંજિયાને જમણા ભાગના ગોઠણમાં ઈજા કરી મોટર સાયકલમાં પણ નુકસાન પહોંચાડેલ છે. આ બનાવમાં આરોપી વિરૂદ્ધ ફરજમાં રૂકાવટ તેમજ જીવલેણ હુમલાની કલમ ૩૦૭, ૩૩૨, ૧૮૬, ૪૨૭ સહિતની કલમ અંતર્ગત ગુનો દાખલ કરવામાં આવેલ છે.

# જૂનાગઢના પત્રાપર ગામેથી પિસ્તોલ સાથે ઈસમ ઝડપાયો

જૂનાગઢ, તા.૮

જૂનાગઢ તાલુકાના પત્રાપર ગામેથી દેશી હાથ બનાવટની પિસ્તોલ અને કાર્ટીઝ સાથે એક શખ્સને પોલીસે ઝડપી લીધો હતો. આ બનાવ અંગે પોલીસે આપેલી વિગત અનુસાર એસઓજીના પો.હે.કો. એમ.વી. કુવાડિયા અને સ્ટાફે પત્રાપરના બસ સ્ટેશન નજીકથી રામદે ગોવિંદભાઈ ઝાલા (ઉ.વ.૩૨) પત્રાપર વાળાને દેશી હાથ બનાવટની પિસ્તોલ એક તથા કાર્ટીઝો સાથે ઝડપી લીધેલ છે. પિસ્તોલ રૂા.૧૫ હજાર તથા ત્રણ જીવતા કાર્ટીઝ રૂા.૩૦૦ મળી કુલ રૂા.૧૫,૩૦૦નો મુદ્દામાલ જપ્ત કરેલ છે. આ પિસ્તોલ અને કાર્ટીઝ ગોરખપુરના રોહન બચ્ચા યાદવ પાસેથી આરોપીએ મેળવ્યા હોવાનું બહાર આવતા બંને સામે આર્મ્સ એકટ અંતર્ગત ગુનો નોંધી તપાસ હાથ ધરેલ છે.

# સચિન તેંડુલકર અખ્તરના કેટલાક સ્પેલથી ડરતા હતા: આફ્રિદીનો બફાટ

નવી દિલ્હી,તા.૮

પાકિસ્તાનનો પૂર્વ ઓલરાઉન્ડર ખેલાડી શાહિદ આફ્રિદી તેના વિવાદિત નિવેદનો માટે જાણીતો છે. પોતાની વાતોથી આફ્રિદી ઘણી વખતે ચર્ચામાં રહે છે અને સોશિયલ મીડિયા પર ટ્રોલ પણ થયા છે. ત્યારે હવે આફ્રિદીએ ટીમ ઈન્ડિયાના દિગ્ગજ અને મહાન પૂર્વ બેટ્સમેન સચિન તેંડુલકરને લઈ વિવાદાસ્પદ નિવેદન આપ્યું છે. આપને જણાવી દઈએ કે નવ વર્ષ પહેલા આફ્રિદીએ કહ્યું હતું કે સચિન તેંડુલકરને પાકિસ્તાનના ઝડપી બોલર શોએબ અખ્તરની બોલિંગનો સામનો કરવામાં ડર લાગે છે. ત્યારે હવે આફ્રિદીએ ફરી આ વિવાદાસ્પદ નિવેદનનું પુનરાવર્તન કર્યું છે. આફ્રિદીએ કહ્યું કે સચિન આ વાતને માનશે નહીં પરંતુ તેઓ અખ્તરથી ડરતા હતા. જો કે, અખ્તર પહેલા જ સ્પષ્ટ કરી ચૂક્યો છે કે એવી કોઈ વાત નથી. એક ખાનગી યુટ્યુબ ચેનલ પર વાત કરતા આફ્રિદીએ કહ્યું કે, 'જુઓ, સચિન તેંડુલકર પોતાના મોઢેથી તો નહીં કહે કે હું ડરી રહ્યો છું. પરંતુ શોએબ અખ્તરના કેટલાય એવા સ્પેલ હતા જેને માત્ર સચિન જ નહીં પણ દુનિયાના સર્વશ્રેષ્ઠ બેટ્સમેનોને ડરાવ્યા હતા. આફ્રિદીએ આગળ કહ્યું કે, 'જયારે તમે મિડ-ઓફ અથવા કવર્સ પર ફિલ્ડિંગ કરો છો તો તમે સ્પષ્ટ રીતે કોઈ પણ બેટ્સમેનની બોડી લેંગ્વેજ જોઈ શકો છો. તમે સરળતાથી સમજી શકો છો કે બેટ્સમેન દબાણમાં છે અને તે પોતાનું સર્વશ્રેષ્ઠ આપવામાં નિષ્ફળ જઈ રહ્યો છે. હું એવું નહીં કહું કે શોએબે સચિનને ડરાવ્યા હતા. પરંતુ શોએબના ઘણા એવા સ્પેલ રહ્યા છે જેમાં દુનિયાના સર્વશ્રેષ્ઠ બેટ્સમેન, જેમાં સચિન પણ શામેલ છે બેકફૂટ પર ગયા છે. આ ઉપરાંત આફ્રિદીએ એમ પણ કહ્યું કે સચિનને મિસ્ટ્રી બોલર સઈદ અજમલથી પણ ડર લાગતો હતો. આફ્રિદીએ કહ્યું કે, 'વર્લ્ડ કપ દરમિયાન સચિન સઈદ અજમલથી ડરતા નજરે આવ્યા હતા. આ કોઈ મોટી વાત નથી. ખેલાડી ઘણી વખત દબાણ અનુભવ કરે છે અને આ તેમના માટે પડકારજનક સાબિત થાય છે.

### ઈંગ્લેન્ડ ટોસ જીતીને બેટિંગ કરવા ઉતર્યું

# ૧૪૩ વર્ષના ક્રિકેટ ઈતિહાસમાં પ્રથમવાર દર્શકો વગર મેચ રમાઈ

### ૧૯૭૨માં ૧૧૪ અને ૧૯૭૩માં ૧૧૩ દિવસ સુધી કોઈ ઈન્ટરનેશનલ મેચ રમાઈ નહોતી, આવું ક્યારેય બન્યું નથી

નવી દિલ્હી, તા. ૦૮

ઈંગ્લેન્ડ અને વેસ્ટ ઈન્ડીઝ વચ્ચે બુધવારથી સાઉથેમ્પટનમાં શરૂ ટેસ્ટ મેચથી ૧૧૭ દિવસ બાદ ઈન્ટરનેશનલ ક્રિકેટનું પુનરાગમન થયું અને આ છેલ્લા ૪૬ વર્ષોમાં પ્રથમ પ્રસંગ હશે જ્યારે ૧૦૦ દિવસ કરતા વધુ સમય સુધી કોઈ ઈન્ટરનેશનલ મેચ ન રમાઈ હોય. કોવિડ-૧૯ મહામારીને કારણે ૧૫ માર્ચ ૨૦૨૦ બાદથી જ ઈન્ટરનેશનલ ક્રિકેટ ઠપ્પ પડ્યું છે અને હવે ઈંગ્લેન્ડ અને વેસ્ટ ઈન્ડીઝની વચ્ચે જૈવ સુરક્ષિત વાતાવરણમાં ખાલી સ્ટેડિયમમાં તેની શરૂઆત થઈ છે. ઈંગ્લેન્ડ અને વેસ્ટ ઈન્ડિઝ વચ્ચે રમાનારી ત્રણ ટેસ્ટ મેચના પ્રથમ મેચમાં ઈંગ્લેન્ડે ટોસ જીતીને પ્રથમ બેટિંગ કરવાનો નિર્ણય કર્યો છે. વરસાદના કારણે મેચ શરૂ થવામાં વિલંબ થયો છે. છેલ્લે ૧૯૭૨માં ૧૧૪ દિવસ અને ૧૯૭૩માં ૧૧૩ દિવસ સુધી કોઈ ઈન્ટરનેશનલ મેચ રમાઈ નહોતી. વન-ડે ક્રિકેટની શરૂઆત પાંચ જાન્યુઆરી ૧૯૭૧ના રોજ થઈ હતી પણ પહેલા ચાર વર્ષોમાં ફક્ત ૧૫ મેચો રમાઈ હતી. આ જ કારણ હતું કે ૧૯ ઓગસ્ટ ૧૯૭૧થી ૧૬ ફેબ્રુઆરી ૧૯૭૨ સુધી કોઈ મેચ રમાઈ નહોતી. આનો મતલબ ૧૮૧ દિવસ સુધી કોઈ મેચ નહોતી રમાઈ જે પાંચ દાયકાઓમાં બે મેચો વચ્ચેનો સમયથી લાંબો બ્રેક છે. જ્યારે લિમિટેડ ઓવર્સ ક્રિકેટ નહોતી રમાતી ત્યારે બે ટેસ્ટ મેચો વચ્ચે લાંબો બ્રેક જોવા મળતો હતો. આવો સૌથી લાંબો બ્રેક બીજા વિશ્વયુદ્ધ દરમિયાન જોવા મળ્યો. પ્રથમ વિશ્વયુદ્ધ દરમિયાન ૬ વર્ષ ૯ મહિના અને ૨૦ દિવસ એટલે કે કુલ ૨૪૮૫ દિવસ સુધી કોઈ ટેસ્ટ મેચ ન રમાઈ.

# પ્રવિણ તાંબે કેરેબિયન સીપીએલમાં રમનારો પ્રથમ ભારતીય ક્રિકેટર બનશે

નવી દિલ્હી,તા.૮

ઈન્ડિયન પ્રીમિયર લીગમાં સૌથી વધુ ઉંમરમાં ડેબ્યૂ કરનારો લેગ સ્પિનર પ્રવિણ તાંબે કેરેબિયન પ્રીમિયર લીગ (સીપીએલ)માં રમનારો પ્રથમ ભારતીય ક્રિકેટર બનવા જઈ રહ્યો છે. તાંબેને ફ્રેન્ચાઈઝી ટ્રિનબાગોએ ઓનલાઈન હરાજીમાં પોતાની ટીમમાં સામેલ કરી લીધો છે. પ્રવિણ તાંબે આ પહેલા આઈપીએલ ૨૦૨૦ની હરાજીમાં પણ વેચાયો હતો, પણ ૨૦૧૮માં સન્યાસ લીધા બાદ ટી૧૦ લીગમાં ભાગ લેવાના કારણે ભારતીય ક્રિકટ કન્ટ્રોલ બોર્ડે આઈપીએલમાં તેના રમવા પર પ્રતિબંધ લગાવી દીધો હતો. ૪૮ વર્ષના પ્રવિણ તાંબે આઈપીએલમાં રાજસ્થાન રોયલ્સ, ગુજરાત લાયન્સ અને સનરાઈઝર્સ હૈદરાબાદ માટે રમી ચૂક્યો છે. ટ્રિનિબાગોએ ઓસ્ટ્રેલિયાના લેગ સ્પિનર ફવાદ અહેમદ સાથે પણ કરાર કર્યો છે, આ ઉપરાંત ફ્રેન્ચાઈઝીએ ન્યૂઝીલેન્ડની ટીમના ટિમ સેઈફર્ટ અને ઝિમ્બાબ્વેના સિકંદર રજા સાથે પણ કરાર કર્યો છે. તાંબેએ આઈપીએલ ૨૦૧૪માં કોલકત્તા વિરુદ્ધ હેટ્રિક લેવાનો અનોખો રેકોર્ડ બનાવ્યો હતો. ઉલ્લેખનીય છે કે ટી૨૦માં હવે તો માત્ર બે બોલરો જ આ કારનામુ કરી ચૂક્યા છે. તાંબે પહેલા ૨૦૧૦માં ચેમ્પિયન્સ લીગમાં શ્રીલંકાના ઈસુરુ ઉડાનાએ આ ઉપલબ્ધિ હાંસલ કરી હતી.


**પશ્ચિમ રેલવે – અમદાવાદ ડિવિઝન**

**રોડ ઓવર બ્રિજ નિર્માણના સંબંધમાં વિવિધ એસ એન્ડ ટી કાર્ય**

ભારતના રાષ્ટ્રપતિ વતી અને તેમના માટે ડીઆરએમ/એસ એન્ડ ટી દ્વારા ટેન્ડર નં. ડીઆરએમ-એસએન્ડટી-એડીઆઈ-સિગ 04, 2020-21 બંધ થવાની તારીખ 31-07-2020, 15:00, સામે ઈ-ટેન્ડરો આમંત્રીત કરે છે. બિડરો ફક્ત મૂળ/સુધારેલ બિડ બંધ થવાની તારીખ અને સમય સુધી જમા કરી શકશે, આ ટેન્ડર સામે મેન્યુઅલ ઓફર સ્વીકારવામાં નહીં આવે કોઈપણ મેન્યુઅલ ઓફર પ્રાપ્ત થશે તો તેને અવગણવામાં આવશે. **ટેન્ડર નં. ડીઆરએમ-એસએન્ડટી-એડીઆઈ-સિગ 04, 2020-21 (1) કામનું નામ:** અમદાવાદ ડિવિઝનના નરોડા-ડભોડા સેકશન વચ્ચે એલસી નં.09 ખાતે રોડ ઓવર બ્રિજના બાંધકામના સંબંધમાં ઈલેક્ટ્રોનિક ઈન્ટરલોકિંગ સિસ્ટમમાં ફેરફાર, પાર્ટ સપ્લાય, ઈન્સ્ટોલેશન, પ્રોગ્રામીંગ, ટેસ્ટીંગ અને કમિશનીંગ. **(2) કામની અંદાજીત કિંમત:** ₹ 22,41,855.00/- (રૂપિયા બાવીસ લાખ એકતાલીસ હજાર આઠ સો પંચાવન પૂરા) **(3) ઈએમડી:** ₹ 44,800.00/- (રૂપિયા ચુમ્માલીસ હજાર આઠ સો પૂરા) **(4) ટેન્ડર બંધ થવાની અને ટેન્ડર ખુલવાની તારીખ અને સમય:** તા.31-07-2020 ના 15:00 કલાક સુધી તે પછી નહીં અને તા.31-07-2020 ના 15:30 કલાકે ટેન્ડર ખોલાશે. **(5) ઈ-ટેન્ડરીંગની વેબસાઈટ :** www.ireps.gov.in

ADI-061

અમને ફોલો કરો: twitter.com/WesternRly



**નર્મદા જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ**
**જાહેર નિવિદા નં.૧ સને- ૨૦૨૦-૨૧**

નાયબ કાર્યપાલક ઈજનેરશ્રી હરણાવ પેટા વિભાગ નં. ૨ વિજયનગર જિ. સાબરકાંઠાની કચેરી દ્વારા રસ ધરાવતા ઈ-૨ અને ઉપરના વર્ગમાં રજિસ્ટ્રેશન ધરાવતા ઈજારદારો પાસેથી હરણાવ યોજના અંતર્ગત અંદાજી રકમ ૦.૪૯થી ૨.૭૯ લાખના કુલ ત્રણ કામ માટે માત્ર રજિસ્ટર્ડ પોસ્ટ એડી/સ્પીડપોસ્ટથી ભાવો મંગાવવામાં આવે છે. કોરા ભાવપત્રકો આપવાની છેલ્લી તારીખ ૧૭/૦૭/૨૦૨૦ તથા ભાવો ભરેલ ભાવપત્રક પરત લેવાની છેલ્લી તારીખ ૨૨/૦૭/૨૦૨૦ રાખવામાં આવેલ છે. કામની વધુ વિગતો અત્રેની કચેરીમાં તથા વેબસાઈટ www.statetenders.com પર જોઈ શકાશે.

**નામાનિ/હિંમત/૧૧૫/૨૦૨૦**



**BHANDERI INFRACON LIMITED**

Regd. Office : B/12, Jabuka Complex, Nr. Bajrang Ashram,Below Vikas School, Nh-8, Thakkarbapanagar, Ahmedabad -382350 (**CIN No.** L45201GJ2004PLC044481)

**EXTRACT OF AUDITED CONSOLIDATED FINANCIAL RESULTS FOR THE HALF YEAR/ YEAR ENDED 31ST MARCH, 2020**

PART I (Rs.in Lacs)

| SR. NO. | PARTICULARS | Half Year Ended | | | Year Ended | |
|---|---|---|---|---|---|---|
| | | Audited | Unaudited | Audited | Audited | Audited |
| | | 31-Mar-20 | 30-Sep-19 | 31-Mar-19 | 31-Mar-20 | 31-Mar-19 |
| 1 | Total Income from Operation | 403.39 | 213.12 | 470.34 | 616.51 | 767.56 |
| 2 | Net Profit for the Period (before Tax, Exceptional Items and / or Extraordinary Items) | 30.14 | 4.30 | 32.62 | 34.44 | 53.35 |
| 3 | Net Profit / (Loss) for the Period (before Tax but after Exceptional Items and / or Extraordinary Items) | 30.14 | 4.30 | 32.62 | 34.44 | 53.35 |
| 4 | Net Profit / ( Loss) for the period after tax | 20.73 | 3.04 | 24.34 | 23.77 | 41.12 |
| 5 | Minority Interest | 1.63 | (0.15) | (0.70) | 1.48 | (0.70) |
| 6 | Paid-up Equity Share Capital (Face Value Rs.10/-) | 259.66 | 259.66 | 259.66 | 259.66 | 259.66 |
| 7 | Earning per share (of Rs. 10/- each) (not annualised) | | | | | |
| | a) Basic | 0.74 | 0.12 | 0.96 | 0.86 